જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૪/૦૩/૨૦૨૦  બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**                **સમાચાર યાદી નં.૪૪૯/૨૦૨૦**

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન

### મોબાઇલ ચોરીના આરોપીને ચોરીના મોબાઇલ ફોન કિ.રૂ. ૧૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “આઇ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મોબાઇલ ચોરી તથા ચેન સ્નેચીગના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૧૪/૪૫ વાગે સીટીએમ ચાર રસ્તા ખાતે આવતા સાથેના પો.કો ચિરાગભાઇ ભુપતભાઇ તથા પો.કો લાલજીભાઇ જહાભાઇ નાઓએ પો.સ.ઇ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત આપેલ કે એક ઇસમ જેણે શરીરે ક્રીમ કલરનુ પેંટ તથા ક્રીમ કલરની ટી-શર્ટ પહેરેલ છે તે ઇસમ ચોરી અગર તો છળકપટથી મેળવેલ મોબાઇલ ફોન વેચવા સારૂ માટલા સર્કલ ખાતે આવેલ મોબાઇલ ફોનની દુકાનોમાં ભાવતાલ કરાવવા ફરે છે જે બાતમી હકીકત આધારે,

**આરોપી :-** ધર્મેન્દ્રકુમાર યમુનાપ્રસાદ કુશવાહ ઉવ.૩૨ રહે. મનં.૧૧૭ કેવડાવાળી સોસાયટી પપ્પુભાઇના મકાનમાં સુરેલીયા રોડ રામોલ અમદાવાદ શહેર મુળવતન ગામ. ઝરના થાના. સિરલલ્લા જી. નવાદા બિહાર નાની પાસેથી એક રીયલમી કંપનીનો મોબાઇલ ફોન મળી આવેલ જે મોબાઇલ ફોનના બીલ કે માલીકીપણાના આધાર પુરાવા બાબતે કોઇ ફળદાયક હકીકત જણાવેલ ન હોય જે મો.ફોન **કિ.રૂ.૧૦,000/-** સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપીને **તા.03/03/૨૦૨૦ ના કલાક ૧૫/30 વાગે** સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ પકડી અટક કરવામાં આવેલ.

અને મોબાઇલ ફોનના માલીક બાબતે તપાસ કરતા અનિલભાઇ રમેશભાઇ પટેલ ઉવ.૩૨ રહે.ડી/૩૦૧ અવધ રેસીડેન્સી વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓની માલીકીનો હોય જે મોબાઇલ ફોન ફરીયાદીના કારખાનામાંથી પંદરેક દિવસ પહેલા ચોરી થયેલાનુ જણાવેલ હોય જે આધારે **રામોલ પો.સ્ટેશન ગુ.ર.નં. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૦........ એ ધી ઇપીકો કલમ ૩૮૦** મુજબનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.



## ક્રાઇમ બ્રાન્ચ :

# “અમદાવાદ શહેરમાં મોબાઇલ સ્નેચિંગ કરતા એક ઇસમને ઝડપી પાડતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ“

છેલ્લા ઘણા સમયથી અમદાવાદ શહેરમાં મોબાઇલ સ્નેચિંગના ગુનાઓ બનવા પામેલ હોય જેથી ક્રાઇમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને આવા ગુનાઓ શોધી કાઢવા સૂચના કરેલ જે આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓએ પોલીસ ઇન્સ્પેકટર શ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓને આવા ગુનાઓ શોધી કાઢવા ડ્રાઇવ રાખવા જણાવેલ.જે અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર એ.વાય.બલોચ નાઓની સીધી દેખરેખ હેઠળ તેઓના સ્ક્વોર્ડના માણસોની અલગ અલગ ટીમો બનાવી આવા ગુના શોધી કાઢવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ જે અનુસંધાને એ.એસ.આઇ રમેશભાઇ જેશંગભાઇ નાઓની ટીમ તા.3/3/2020 ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી હકીકત આધારે વટવા કેનાલ રોડ ઉપરથી એક ઇસમ આફતાબ ઉર્ફે અત્તુ મુખ્ત્યારઅહેમદ અંસારી રહે.7 અલતહા ડુપ્લેક્ષ ગોલ્ડન પાર્કની અંદર, બીબી તળાવની પાસે વટવા અમદાવાદ શહેરનાને ઝડપી પાડી તેની ઝડતી તપાસ કરતા તેની પાસેથી અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ – 4 કિ.રૂ.20,000/- નો મુદ્દામાલ કબ્જે કરી સદરી ઇસમને તા.03/03/2020 ના કલાક 18/00 વાગે અટક કરવામાં આવેલ જેથી પાસેથી કબ્જે કરવામાં આવેલ મોબાઇલ ફોન બાબતે તપાસ કરતા નીચે મુજબના અનડિટેક્ટ ગુના શોધી કાઢવામાં આવેલ છે.

- **શોધાયેલ ગુના : -**

(1) રખિયાલ પોલીસ સ્ટેશન પાર્ટ A ગુ.ર.નં 11191029200041/2020 ઇ.પી.કો કલમ 379 A (3), 114 મુજબ

(2) શહેરકોટડા પોલીસ સ્ટેશન પાર્ટ A ગુ.ર.નં.11191041200158/2020 ઇ.પી.કો કલમ 379 મુજબ

- **કબૂલાત :**

(3) એકાદ માસ પહેલા સી.ટી.એમ.બ્રીજ નીચેથી એક રીક્ષા ચાલક પાસેથી મોબાઇલ લૂંટી લીધેલ હોવાની કબૂલાત કરેલ છે. (4) દોઢેક માસ પહેલા અનુપમ સિનેમા પાસે આવેલ બુટ બજાર આગળથી એક ઇસમના હાથમાંથી મોબાઇલની લૂંટ કરેલ હોવાની કબૂલાત કરેલ છે જે બાબતે ખોખરા પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવેલ છે.

- **ગુનાની એમ.ઓ. : -**

પકડાયેલ આરોપી તથા તેનો નાનો ભાઇ છેલ્લા અઢી માસથી પોતાના કબ્જાની સ્પ્લેન્ડર મોટર સાયકલ લઇ શહેર વિસ્તારમાં નિકળતા અને રોડ ઉપર પસાર થતા અને મોબાઇલ ફોન ઉપર વાતચીત કરી રહેલ વ્યક્તિઓને ટાર્ગેટ બનાવી તેઓની પાસેના મોબાઇલ ફોન લૂંટી લેતા હતા, પકડાયેલ આરોપીને રખિયાલ પોલીસ સ્ટેશન સોપવામાં આવેલ છે.

# <u>જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>રામોલ પોલીસ સ્ટેશન :</u>**

## <u>રોકડા રૂપીયા ૧૦૨૦૦/- તથા ગંજીપાના મળી કુલ્લે કિંમત રૂપીયા ૧૦૨૦૦/- ના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમો ઝડપાયા</u>

તા:૦૨/૦૩/૨૦૨૦ ના રોજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ ની સુચના આધારે રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગારની પ્રવુતી નેસ્તનાબુદ કરવા તેમજ દારૂ જુગારના કેશો શોધી કાઢવા સારૂ પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની/પ્રવુર્તી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના **<u>પો.કો લાલજીભાઇ જહાભાઇ તથા પો.કો.જયરાજસિંહ વિક્રમસિંહ</u>** નાઓની બાતમી આધારે રામોલ ગુલાબનગર તળાવ પાસે ખાનવાડી ખાતે પંચો સાથે રેઈડ કરતા આરોપીઓ નં.(૧) સાહીદખાન રાસીદખાન પઠાણ ઉવ:૩૩ રહે:૧૫ જહાંગીરખાન ની ચાલી ખાનવાડી રામોલ અમદાવાદ શહેર તથા નં(૨) અશરફખાન અનવરખાન પઠાણ ઉવ.૨૮ રહે:ગફુરબસ્તી ખાનવાડી રામોલ અમદાવાદ શહેર તથા નં.(૩) અજરૂદીન મયુદીન શેખ ઉવ.૩૧ રહે:૧૪૪૯ સુરતી સોસાયટી રામોલ અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમતા **<u>રોકડા રૂપીયા ૧૦૨૦૦/- તથા ગંજી પાના નંગ:૫૨</u>** મળી કુલ્લે રૂપીયા ૧૦૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરુધ્ધમાં ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# SHE TEAM ની કામગીરીની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

મેઘાણીનગર SHE TEAM દ્વારા વિસ્તારમાં આવેલ સફલ માર્કેટમાં સુમેલ-૫, મહિલાઓ સાથે મિટિંગ કરી, તેમને મહિલા હેલ્પ લાઇન નંબર 181 તેમજ ૧૦૦ નંબર વિશે માહિતી આપવામાં આવી.







# પાસા અટકાયત ની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

## પાસા અટકાયતના આરોપીને પકડી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ઇ" વિભાગ સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.એન.પરમાર ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં-પીસીબી/ડીટીએન/પાસા/૨૩૬/૨૦૨૦ તા-03/03/૨૦૨૦ થી પાસા **અટકાયતી મોનીકા ઉર્ફે મોના વા/ઓ દિનેશભાઇ કનુભાઇ જાતે-ચુનારા ઉ.વ.૨૬ રહે- કંટોડીયાવાસના કાચા છાપરામાં અંકુરમીલ પાસે હનુમાનજી મંદીરની બાજુમાં કગડાપીઠ અમદાવાદ શહેર નાઓને** મધ્યસ્થ જેલ વડોદરા ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સર્વેલન્સ સ્ક્વોડના માણસોએ બાતમી હકિક્ત આધારે પકડી પાડતા સદરીને આજ રોજ તા-03/03/૨૦૨૦ રોજ હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસામાં મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપેલ છે. તા- 03/03/૨૦૨૦



## <u>ગુના નિવારણ શાખા</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **<u>તા.3.03.૨૦૨૦</u>** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી, મિલક્ત સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના શાહપુર તથા બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકોએ પાર્કીગમા તથા જાહેર રોડ ઉપર પાર્ક કરેલ મો.સા.ની ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ચોરી કરી લઈ જઈ ચોરી કરેલ મો.સા.વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જામા રાખી આર્થિક નાણાકીય લાભ મેળવવાના ઈરાદે જાહેર જનતાને આર્થિક નુકશાન કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે કમલેશ ઉર્ફે કમલુ વિજયભાઈ પટણી(માનવાલા) રહેવાસી- ઈંદીરાનગરની ચાલી હનુમાન મંદિરની ગલી ઘોડા કેમ્પ રોડ શાહીબાગ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | કમલેશ ઉર્ફે કમલુ વિજયભાઈ પટણી(માનવાલા) રહેવાસી- ઈંદીરાનગરની ચાલી હનુમાન મંદિરની ગલી ઘોડા કેમ્પ રોડ શાહીબાગ અમદાવાદ |

- અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા ભારતીય બનાવટ નો વિદેશી દારુ જાહેર જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા પોતાના સાગરિતો મારફ્તે કડી ખાતેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે મંગાવી પોતાના રહેણાક વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારુની હેરાફેરી કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે રશીદ ઉર્ફે રાનુ ઉર્ફે ફોરમેન ફિરોજભાઈ નબીબક્ષ રાઈન રહેવાસી- ૯ સૈયદભાઈ ની ચાલી બતુલ રો હાઉસની સામે સૈયદવાડી વટવા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રશીદ ઉર્ફે રાનુ ઉર્ફે ફોરમેન ફિરોજભાઈ નબીબક્ષ રાઈન રહેવાસી- ૯ સૈયદભાઈ ની ચાલી બતુલ રો હાઉસની સામે સૈયદવાડી વટવા અમદાવાદ |

- આ ઉપરાંત શરીર સબંધી પ્રોહીબીશન સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય **૨** ઇસમ મળી **<u>કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.